# FIRST INFORMATION REPORT
## પ્રથમ માહિતી અહેવાલ
(Under Section 154 Cr.P.C.)
(ફોજદારી કાર્યસંહિતાની કલમ 154 હેઠળ.)

1 District (જીલ્લો) પાટણ | Police Station (પોલીસ સ્ટેશન) ચાણસ્મા | Year (વર્ષ) 2019 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક) I/23/2019 | Date (તારીખ) 20/03/2019

2 (i) Act (અધિનિયમ) આઈ પી સી | Sections (કલમો) 323,341,504,506(2),114

(ii) Act (અધિનિયમ) અનુસુચિત જાતી અને અનુ. જન. જાતી પ્રતિબંધ અધિનિયમ | Sections (કલમો) 3(1)(R)(S),3(2)(5)(a)

3 (a) (ક) Occurrence of offence: (ગુન્હો બન્યાનો સમયગાળો)

Day. (દિવસ) સોમવાર | Date from (તારીખથી) 18/03/2019 | Date to (તારીખ સુધી) 18/03/2019

Time Period (સમયગાળો) | Time from (કલાકથી) 13:45 | Time to (કલાક સુધી) 13:45

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) | Date (તારીખ) 18/03/2019 | Time (સમય) 21:45

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) | Time (સમય)

4 Type of Information: (માહિતીનો પ્રકાર) મૌખિક

5 Place of Occurrence: (ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર) પૂર્વ ,22.00 (કિ.મી.) | Beat No. (બીટ નંબર)

(b) (ખ) Address (સરનામું) સાર્વજનીક હાઈસ્કુલના દરવાજા પાસે ,
ગામ. ધિણોજ,
તા. ચાણસમા.
જી. પાટણ.

(c) (ગ) In case, outside the limit of this Police Station, then (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) | District (જીલ્લો)

6 Complainant/Informant: (ફરિયાદી / બાતમીદાર)

(a) (ક) Name (નામ) મીતકુમાર નરેશભાઇ તળશીભાઇ ચાવડા (વણકર) | (b) (ખ) Father's/Husband's Name (પિતા/પતિનું નામ) નરેશભાઇ તળશીભાઇ ચાવડા (વણકર)

(c) (ગ) Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | (d) (ઘ) Nationality (રાષ્ટ્રીયતા) ભારતીય

(e) (ડ) xxxxxxxxxxxxxx | Date of Issue (જારી કર્યા તારીખ) xxxxxxxxxxxxxx | Place of Issue (જારી કર્યા સ્થળ) xxxxxxxxxxxxxx

(f) (ચ) Occupation (ધંધો) વિદ્યાર્થી | (g) (છ) Address (સરનામું) પી ૪૦૭ પંડીત દીન દયાળ નગર સોમનાથ રોડ સીધ્ધાર્થ હાઈસ્કુલની સામે ,
ગામ. મહેસાણા,
તા. મહેસાણા,
જી. મહેસાણા,
મૂળ રહે દાણોદરડા તા ચાણસ્મા જી પાટણ .

7 Details of known/suspected/unknown accused with full particulars:
(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)

Scanned by CamScanner

(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| Accused Name (તહોમતદારનું નામ) | Age (Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|
| (1) રમેશભાઇ પટેલ પટેલ | | ગામ. ધિણોજ, તા. ચાણસમા, જી. પાટણ. |
| (2) Unknown | | |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)
મહેસાણા સીવીલ હોસ્પીટલથી નીવેદન લખીને લાવતા

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત)

11 Inquest Report/U.D. case No. if any
(મુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)
આ કામે હકીકત એવી છે કે આ કામના ફરીને ધોરણ બારની પરીક્ષા ચાલતી હોઇ જે પરીક્ષા આપવા ધીણોજ જતો હતો તે વખતે ધીણોજ ગામમા સાર્વજનીક હાઈસ્કુલ ના દરવાજા આગળ આવતા આ કામના તહોદારો આવી ફરીને કહેલ કે મારે તારૂ કામ છે તુ મારી સાથે ચાલ મારે તારી સાથે વાત કરવી છે તેમ કહેતા ફરી થોડે દુર સુધી ચાલત ગયેલો અને ત્યારબાદ તહોદારોએ ફરીને મોટર સાયકલ ઉઅપર બેસાડેલો તારે ફરીએ કહેલ કે મારે પરીક્ષાનો ટાઈમ થયો છે ત્યારે તહોદારોએ ફરીને કહેલ કે તારે પરીક્ષા ચાલુ થાય તે પહેલા તને પાછો મુકી જઈસુ તેમ કહી બાઈક ઉપર બેસાડી ખેતરમા લઈ જઈ મોટર સાયકલ ઉપરથી ઉતારી બંને જણાએ લીમડા સાથે બાધી લીમડાની સોટીથી માર મારવા લાગતા આ કામના આ કામના ફરીએ કહેલ કે મને કેમ મારો છો તેમ કહેતા આ કામના તહોદારોએ એકદમ ઉશ્કેરાઈ જઈ પેટમા તથા શરીરે ગડદા પાટુનો માર મારવા લાગેલા અને કહેલ કે સાલા ઢેડા હવે પછી પરીક્ષા આપવા આવીસ તો જાનથી મારી નાખીસ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જાતી વિષયક અપમાનીત શબ્દો બોલી ગુનો કરવામા એકબીજાને મદદગારી કરી ગુનો કર્યો વી બાબત.

Complaint(ફરિયાદ)
તા-૨૦/૦૩/૧૯ કેમ્પ –મહેસાણા સીવીલ હોસ્પીટલ
મારૂ નામ મીતકુમાર નરેશભાઇ તળશીભાઇ જાતે ચાવડા (વણકર) ઉ.વ ૧૭ રહે હાલ મહેસાણા પી ૪૦૭ દીનદયાળ નગર સોમનાથ રોડ સિધ્ધાર્થ હાઈસ્કુલ ની સામે તા જી મહેસાણા મુળ રહે દાણોદરડા તા ચાણસ્મા જી પાટણ મો નં ૯૫૩૭૬૮૩૬૯૦ ,૯૬૨૪૨૮૭૪૭૧.
રૂબરૂમા પુછવાથી લખાવુ છુ કે હુ ઉપર જણાવેલ ઠેકાણે મારા માતા પિતા સાથે રહુ છુ અને લણવા ત્રીભોવન હાઈસ્કુલમા ધોરણ બારમા અભ્યાસ કરુ છુ અમો બે ભાઇઓ છીએ જેમા હુ મોટો છુ મારાથી નાનો મીલાપ છે જે ધોરણ દસમા અભ્યાસ કરે છે મારા પિતા મહેસાણા ઓ.એન.જી સી મા કોંટ્રાક્ટ બેજ ઉપર નોકરી કરે છે અને મારી માતા મહેસાણામા ઉમીયા પ્લાયવુડની કંપનીમા નોકરી કરે છે
મારે ધોરણ બાર બોર્ડની પરીક્ષા તા ૦૯/૦૩/૧૯ ના રોજથી ચાલુ થયેલ છે જેથી હુ ધીણોજ કેન્દ્રમાથી શ્રી ન.હ સાર્વજનીક વિધા મંદીર હાઈસ્કુલમા પરીક્ષા આપવા આવતો હતો અને ગઈ તા-૧૮/૦૩/૧૯ ના રોજ મારે અંગ્રેજી વિષયનુ પેપર હોઇ હુ બપોરે એક વાગે મહેસાણાથી એસ.ટી બસમા ધીણોજ મુકામે આવવા નીકળેલો અને બપોરના આશરે પોણા બે વાગ્યાના સુમારે ધીણોજ બસ સ્ટેન્ડે ઉતરી ચાલતો હાઈસ્કુલ ઉપર જતો હતો તે વખતે હાઈસ્કુલના દરવાજા નજીક પહોચતા મારી પાસે રમેશભાઇ પટેલ કે જેઓ કંડકટરમા નોકરી કરે છે તેમને હુ જોયેથી ઓળખુ છુ તેઓ તથા બીજો એક ચોવીસ વર્ષની ઉંમરનો છોકરો બંને જણા મારી પાસે આવેલા અને મને રમેશભાઇએ કહેલ કે મારે તારુ કામ છે તારી સાથે વાત કરવી છે તુ મારી સાથે ચાલ તેમ કહેતા હુ તેમની સાથે થોડુ દુર રોડ સુધી ચાલતો ગયેલો અને ત્યાથી આ લોકોએ મને એક મોટર સાયકલ ઉપર બેસાડેલો અને કહેલ કે તારુ કામ છે તુ અમારી સાથે ચાલ જેથી મે કહેલ કે મારે પરીક્ષાનો ટાઈમ થઈ ગયેલ છે જેથી તેઓએ કહેલ કે પાંચ મીનીટમા પરીક્ષા ચાલુ થાય તે પહેલા તને પાછો મુકી જઈસુ તેમ કહી મને બાઈક પર ધીણોજ ચાર રસ્થાથી ગોરાદ રોડ ઉપર રેલ્વે ફાટક ઓળંગી એક ખેતરમા લઈ ગયેલા અને મને મોટર સાયકલ ઉપરથી નીચે ઉતારી તેઓ બંને જણા પણ મોટર સાયકલ ઉપર થઈ નીચે ઉતરી મને પકડી રાખી રમેશભાઇની સાથેના માણસે લીમડાની સોટીઓ લઈ આવતા આ બંને જણાએ મને લીમડા સાથે બાધી લીમડાની સોટીથી માર મારવા લાગેલા અને મે કહેલ કે મને કેમ મારો છો તેમ કહેતા તેઓ એકદમ ઉશ્કેરાઈ જઈ પેટમા તથા શરીર ઉપર ગડદા પાટુનો માર મારવા લાગેલા અને કહેલ કે સાલા ઢેડા જો હવે પછી પરીક્ષા આપવા આવીશ તો તને જાનથી મારી નાખશુ અને જો ઘેર જઈ આ બાબતે કોઇને વાત કરીસ તો તને જીવતો છોડીસ નહી તેવી ધમકી આપી મને કાટાના જાડામા ધક્કો મારી નાખી દઈ જતા રહેલા અને આ વખતે બે બઈરાઓ ત્યાથી નીકળેલા અને તેઓને જોઇને તેઓ બંને જણા એકદમ દોડતા તેમના ગામ તરફ જતા રહેલા અને હુ ત્યાથી ખેતરમા થઈ એક નેળીયા માંથી રોડ ઉપર આવેલો અને એક ઈક્કો ગાડીમા બેસી મહેસાણા મારા ઘરે આવેલો અને મે બીકના માર્યા મારી મમ્મી ને કે મારા પપ્પા ને કોઇ વાત કરેલ નહી પરંતુ આજરોજ હુ નાઈને ઘરે કપડા બદલતો હતો તે વખતે મારી મમ્મી મારા શરીર ઉપરના મારના નીશાનો (ચકામા) જોઇ જતા તેણે મને પુછતા મે મારી મમ્મીને ઉપરોક્ત બનાવ બાબતે જણાવતા મારી મમ્મીએ મારા મોટા બાપા પુનમભાઇ તળશીભાઇ ચાવડાને બોલાવી વાત કરતા તેઓ તથા મારી મમ્મી તથા મારા નાના (દાદા) મને અત્રે મહેસાણા સિવિલ હોસ્પીટલમા સારવાર સારુ લાવેલા અને ડો સાહેબે મારી સારવાર કરી પુરુષ સર્જીકલ વોર્ડમા ખાટલા નં ૦૬ (છ) ઉપર અંદરના દર્દી તરીકે દાખલ કરેલ છે તો મારી ઉપરોક્ત જણાવે પટેલ રમેશભાઇ કંડક્ટર તથા તેની સાથેના અજાણ્યા માણસ વિરુધ્ધ કાયદેશર થવા ફરીયાદ છે આ રમેશભાઇ

Scanned by CamScanner

ધીણોજ ગામના વતની છે.
એટલી મારી ફરીયાદ હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.
સહી-(SD)ચાવડા મિતકુમાર નરેશભાઇ રૂબરૂ
(એસ.આર.પઠાણ)
પો.સબ.ઈન્સ
ચાણસ્મા પોસ્ટે

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- રણજીતસિંહ પ્રતાપસિંહ ઝાલા Rank (હોદ્દો):- નાયબ પોલીસ અધિક્ષક
No.:- rpz081266 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

14 Signature/Thumb Impression of the complainant/informant.
(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ)

Name (નામ): રસુલખાન હિંમતખાન પઠાણ

Rank (હોદ્દો): હેડ કોન્સ્ટેબલ
GPF No (જીપીએફ નંબર): 90868

15 Date and time of dispatch to the court.
(ફરિયાદ કોર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય) 20/03/2019 21:45

Scanned by CamScanner